ગુજરાત સમાચાર, પાના નંબર :- ૧૬
તારીખ :- ૨૯/૦૬/૨૦૨૬

## અમદાવાદ મ્યુનિ.એ ભારત ટેક્સી સાથે એમઓયુ કર્યા

# અમદાવાદમાં સાયકલથી મેટ્રો રેલ સુધીના જાહેર પરિવહન હવે એક જ પ્લેટફોર્મ પર

અમદાવાદ, શનિવાર

અમદાવાદને વિદેશના શહેરોની સાથે ઉભુ રાખવા માટે એક નવતર પ્રકારનું આયોજન અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરાઈ રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદમાં જાહેર પરિવહનના સાયકલથી માંડીને મેટ્રો રેલવે સુધીના માધ્યમો હવે એક જ પ્લેટફોર્મ પર આવી જશે! એટલે કે સિંગલ બૂકિંગમાં લોકો મલ્ટિપલ ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરી શકશે. જે અંતર્ગત આજે ગાંધીનગરમાં ભારત ટેક્સી સાથે એમઓયુ કરવામાં આવ્યા છે.

## લોકો એકસાથે AMTS, BRTS, ભારત ટેક્સી, ગુજરાત એસટી અને મેટ્રો રેલવેની મુસાફરીનું આયોજન કરી શકશે

અમદાવાદમાં લોકો એક સાથે એએમટીએસ, બીઆરટીએસ, ભારત ટેક્સી, ગુજરાત એસટી અને મેટ્રો રેલવેની મુસાફરીનું આયોજન કરી શકે તેવું એક પ્લેટફોર્મ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે. મોબિલિટી એઝ અ સર્વિસ એટલે કે 'માસ'ના આ પ્લેટફોર્મ સાથે

(અનુસંધાન ૪થે પાને)

### મેટ્રો રેલવે અને એસટી સાથે જોડાણ માટે વાત ચાલી રહી છે

અમદાવાદ જનમાર્ગ લિ.ના જનરલ મેનેજર રાહુલ શર્માએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, હાલમાં મેટ્રો રેલવે અને જીએસઆરટીસી એટલે કે ગુજરાત એસટી સાથે વાત ચાલી રહી છે. પ્રાથમિક તબક્કે બંને ઓથોરિટી આ આયોજનમાં જોડાવા માટે સહમત થઈ છે. સત્તાવાર રીતે તેમની સાથે પણ ભારત ટેક્સીની માફક જ એમઓયુ કરવામાં આવશે. સાયકલ માટે માય બાઈક સાથે એમઓયુ થયેલા જ છે.

## અમદાવાદમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

(અનુસંધાન પાનાં નંબર :- ૦૪ પર)

હવે ભારત ટેક્સીને જોડી દેવામાં આવી છે. અમદાવાદ શહેરમાં હાલ એએમટીએસની ૧૨૦૦ જેટલી બસો છે. જ્યારે બીઆરટીએસની ૩૫૦ બસ દોડી રહી છે.

કુલ ૧૫૦૦થી વધારે બસમાં અત્યારે દરરોજ સાતેક લાખ લોકો મુસાફરી કરી રહ્યા છે. જ્યારે મેટ્રો રેલવેમાં રોજ આશરે દોઢથી પોણા બે લાખ મુસાફરો સવારી કરે છે. આ સિવાય ખાનગી ટેક્સી કાર અને રિક્ષાઓમાં પણ હજારો લોકોની અવર-જવર હોય છે. આમ કુલ ૧૫થી ૧૭ લાખ જેટલા લોકો શહેરમાં આંતરિક અવર-જવર માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરતા હોવાનો અંદાજ છે. હાલમાં દરેક પરિવહન માટે લોકોએ જુદા જુદા સમય યાદ રાખવા પડે છે. અલગ-અલગ ટિકિટ ખરીદવી પડે છે. દરેક માટે સ્વતંત્ર બૂકિંગ કરાવવું પડે છે. તેના બદલે અમદાવાદ મ્યુનિ.નું પ્લેટફોર્મ એક સાથે બધા માધ્યમોને જોડી દેશે. જેટલા અંતર માટે જ્યાં સુધી જે પરિવહન ઉપલબ્ધ હશે, તેમાં બૂકિંગ થશે. બાદમાં તેની સાથે જોડાણ કરતા અન્ય પરિવહનનું પણ સાથે બૂકિંગ થશે.

### સિંગલ બૂકિંગમાં મલ્ટિપલ ટ્રાન્સપોર્ટેશન